પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર.
પોલીસ ભવન,જેલ રોડ, વડોદરા શહેર-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૫ ૨૪૨૩૯૫૦ કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૫ ૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:એસ.બી./ચાર કરતાં વધુ જાહેરનામુ/ ૩૪૯ /૨૦૨૧. તા.૨૨/૦૧/૨૦૨૧

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ :

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (COVID-2019)ને WHO (વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઇજેશન) ધ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે અનુસંધાને નોવેલ કોરોના વાયરસ (COVID-2019) ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે તથા વડોદરા શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઇ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ અને કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ વડોદરા પોલીસ કમિશ્નરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું **ડો.શમશેર સિંઘ (આઇ.પી.એસ.)** પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત પોલીસ એક્ટની કલમ ૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધીત કૃત્યો ::

વડોદરા પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઇ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

::અપવાદ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેઓને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::

વડોદરા શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૨૫/૦૧/૨૦૨૧ ના ક.૦૧-૦૦ થી તા.૦૮/૦૨/૨૦૨૧ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસ્ટન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.



Scanned with CamSca

: જાહેર વિજ્ઞપ્તિ ::

હું આથી આદેશ આપુ છું કે.આ હુકમ ની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં સહેલાઈ થી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને લાઉડસ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી કરાવવી.

આજ તારીખ :૨૨/૦૧/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર વડોદરા શહેર, વડોદરા.

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

પ્રતિ.

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના :-

(૧) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૪) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૬) .કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૭) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૦) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૧) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૩) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.

C:\Users\Dell computer\Downloads\chur karata vadhu- vadodqara city (1).doc

Scanned with CamSca